અપીલ અરજી નં.૧૨૩ તા.૩૦–૭–૦૯/૧૦
અરજદારઃ– શ્રી મહેન્દ્ર આર. પાટીલ (શિવ ચેનલ)
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેરમાહિતીઅધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્ર આર. પાટીલ (શિવ ચેનલ)ની આઈ ડી. નં.૧૪૦ તા.૨૫–૬–૦૯ ની અરજીથી પાંડેસરાના આર્વિભાવ સોસા–૨, પ્લોટ નં.૯બી,૧૦–એ,બી,અને ૧૧–એ ના પ્લોટોમાં ચલાવવામાં આવતી મહાત્માગાંધી સ્કુલની બાંધકામની પરવાનગી પ્લાનની નકલ, બીયુસી અને છેલ્લા ૧૦ વર્ષના બીલોની નકલની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩૦–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૨૩/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્ર આર. પાટીલ (શિવ ચેનલ)ની આઈ ડી. નં.૧૪૦ તા.૨૫–૬–૦૯ ની અરજીથી પાંડેસરાના આર્વિભાવ સોસા–૨, પ્લોટ નં.૯બી,૧૦–એ,બી,અને ૧૧–એ ના પ્લોટોમાં ચલાવવામાં આવતી મહાત્માગાંધી સ્કુલની બાંધકામની પરવાનગી પ્લાનની નકલ, બીયુસી અને છેલ્લા ૧૦ વર્ષના બીલોની નકલની માહિતી આપવા બાબતે અધૂરો નિર્ણય મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૪ તા.૬–૮–૦૯ થી જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૮૭ તા.૧૨–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા અરજદારને દસ્તાવેજોની નકલ મેળવવા અંગે પાઠવેલ પત્રની નકલ, તથા તેના યુપીસી કર્યાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૫–૬–૦૯ ની અરજીથી પાંડેસરાના આર્વિભાવ સોસા–૨, પ્લોટ નં.૯બી,૧૦–એ,બી,અને ૧૧ –એ ના પ્લોટોમાં ચલાવવામાં આવતી મહાત્માગાંધી સ્કુલની બાંધકામની પરવાનગી પ્લાનની નકલ, બીયુસી અને છેલ્લા ૧૦ વર્ષના બીલોની નકલની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૨૫૦૪ તા.૨૪–૭–૦૯ થી સદરહુ બાંધકામ બાબતે પરવાનગી મેળવવામાં આવેલ નથી તેથી પ્લાનની નકલ કે બીયુસીની નકલ આપી શકાય તેમ નથી. તેમજ શાળા સંચાલકે અત્રેના શહેર વિકાસ ખાતામાં બાંધકામની પરવાનગી માંગી ન હોવાનું અત્રેના રેકર્ડ ચકાસતાં જણાય છે તેવી તથા પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૨૧ તા.૧૭–૭–૦૯ ના રોજ આકારણી બાબતે માંગેલ માહિતીના દસ્તાવેજ નકલ માટે રૂા.૨૨/– જમાં કરાવી સમય મર્યાદામાં મેળવવા જણાવેલ છે. પરંતુ અરજદારે તે માહિતી ભરપાઈ કરીને મેળવેલ છે કે કેમ? તે બાબતે અરજદારે અપીલ તબકકે જણાવેલ નથી. તેમ છતાં અરજદારે અપીલ અરજીમાં તા.૨૪–૭–૦૯ ના નિર્ણયથી નારાજગી જણાવેલ છે તેમજ અધૂરો નિર્ણય મળેલ છે. એ અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. તથા નારાજગી બાબતે પણ કઈ બાબતની નારાજગી છે તે પણ જણાવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં તા.૧૨–૮–૦૯ સુધીમાં અરજદારે દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી ગયેલ નહીં હોવાનું જણાવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આકારણી બાબતે પાના નંગ–૧૧ પાનાદીઠ રૂા.૨– લેખે દસ્તાવેજ ફીના રૂા.૨૨/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૧) થી ઠરાવેલ સમય અવધિમાં આવેલ હોઈ તથા બાંધકામ પરવાનગી બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે આ તબકકે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર નિયત ફી ભરપાઈ કરી દસ્તાવેજી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્ર આર. પાટીલ (શિવ ચેનલ),